

શ્રી ઉમિયા માતાય નમઃ



શ્રી ગણેશાય નમઃ

સ્થાપના વર્ષ: 1983

# શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા

**website: mota52kpvadodara.org**

## :: પિકનિક ::

આદરણીય તથા માનનીય સભાસદશ્રી,

આ વર્ષે બે દિવસની પિકનિકનું આયોજન દ્વારકા કરવાનું વિચાર્યું હતું. પરંતુ નક્કી કરેલી તારીખમાં ત્યાં મોટા પાયે પારાયણનો પ્રસંગ તથા ધ્વજા ચડાવવાની પ્રથા હોવાથી અથાગ પ્રયત્નો છતાં આપણને દ્વારકા ખાતે રહેવાની વ્યવસ્થા મળે તેમ નથી.

આથી આપણે પ્રવાસનું સ્થળ સાસણ ગીર (રિસોર્ટ અને જંગલ સફારી) તથા સારંગપુર નીચેના કાર્યક્રમ મુજબ નક્કી કરેલ છે.

**પિકનિકનું સ્થળ:** સાસણ ગીર (રિસોર્ટ અને જંગલ સફારી) તથા સારંગપુર
**તારીખ:** 28 તથા 29 ડિસેમ્બર 2024 (બસ 27 ડિસેમ્બર 2024 ના રોજ રાત્રે 10:00 વાગે ઉપાડશે)
**વ્યક્તિ દીઠ ખર્ચ:** 2800 રૂપિયા/વ્યક્તિ
**બુકિંગ કરાવવા માટેની તારીખ:** 1 ડિસેમ્બર 2024 થી 10 ડિસેમ્બર 2024

**નોંધ:**

- સાસણ ગીર ખાતે રિસોર્ટનું તથા સ્લીપિંગ બસનું બુકિંગ કરાવવાનું હોવાથી આપસૌને વિનંતી કે તારીખ 1 ડિસેમ્બર 2024 થી 10 ડિસેમ્બર 2024 સુધીમાં નામ નોંધાવી દેશો.
- 5 વર્ષ થી નાના બાળકો માટે કોઈ ટિકિટ ચાર્જ રાખવામાં આવેલ નથી.
- 5 વર્ષ થી 10 વર્ષ ના બાળકો માટે ખર્ચ 1000 રૂપિયા/ટિકિટ ગણવામાં આવેલ છે. 5 વર્ષ થી 10 વર્ષ ના બાળકોને બસમાં સીટ આપવામાં આવશે નહિ.
- 10 વર્ષ થી ઉપરની વ્યક્તિઓ માટે ખર્ચ 2800 રૂપિયા/ટિકિટ ગણવામાં આવેલ છે.

- બે બસ ની સંખ્યા થાય ત્યાં સુધી બુકિંગ લેવામાં આવશે. ત્યારબાદ આવેલ નામ વેઇટીગમાં રહેશે તથા કોઈ બુકિંગ કેન્સલ થશે અથવા ત્રીજી બસની પૂરી સંખ્યા થાય તો જ બુકિંગ પાક્કું કરવામાં આવશે, માટે વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવી દેવા વિનંતી.
- કોઈ સંજોગોવશ પૈસા ભર્યા બાદ બુકિંગ કેન્સલ કરાવાનું થાય તો જેમની પાસે બુકિંગ કરાયું હોય તેમને જાણ કરવાની રહેશે. જેથી સીટ બુક કરીને તમારા પૈસા પાછા આપવા માટે સરળતા રહે.
- નામ નોંધાવવા નીચેના કારોબારી સભ્યોનો સંપર્ક કરવાનો રહેશે. સીટ નંબરની ફાળવણી વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે.
    - છાણી, સમા, નિઝામપુરા, હરણી વિસ્તારના સભ્યોના નામ નોંધાવવા માટે:
      **શ્રી. જયંતીભાઈ વી. પટેલ (રણછોડપુરા)**
    - ગોરવા, માંજલપુર, અટલાદરા, વાઘોડિયા તથા અન્ય બાકીના વિસ્તારના સભ્યોના નામ નોંધાવવા માટે:
      **શ્રી બિપીનભાઈ એમ. પટેલ (ખટાસણા)**

સાથ અને સહકાર ની અપેક્ષા સાથે,

*શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા વતી*

પ્રમુખશ્રી,
**ચંદુભાઈ એમ. પટેલ, કંસારાકુઈ**

મંત્રીશ્રી,
**ભરતભાઈ પી. પટેલ, ગાગલાસણ**